ગાંધીનગર સમાચાર

પાણી ગટર વેરાની ઝુંબેશના અંતે નબળુ ચિત્ર માત્ર ૩૦ ટકા વસુલાત

# ઉનાળાના આરંભે જ શહેરમાં કાળઝાળ ગરમી

**મોસમનો હોટેસ્ટ દિવસ : મહત્તમ તાપમાન ૪૩.૨ ડિ.સે. સુધી પહોંચ્યો : ગરમી બાબતે પાટનગર ત્રીજા ક્રમે : આગામી બે દિવસ હીટવેવની આગાહી**



ગાંધીનગર, તા. ૨૭

ચૈત્ર હજુ શરૂ થયો નથી ત્યાં તો કાળઝાળ ગરમી અને તડકો પડવાનો શરૂ થઈ ચુક્યો છે. સમગ્ર ગુજરાત હીટવેવની અસર હેઠળ આવતા ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૩.૨ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. ડીસા બાદ ગરમી મામલે ગાંધીનગર આજે ત્રીજા ક્રમે રહ્યુ હતુ.

સમગ્ર ગુજરાત હીટવેવની અસર હેઠળ આવી ગયુ છે. રવિવારે આકરી ગરમી પડ્યા બાદ સોમવારે ગરમીએ જુના રેકોર્ડ તોડ્યા હતા. ઉત્તર ગુજરાતના ડીસા શહેરમાં ગરમીએ પાછલા દસ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યા હતા. અહીં મહત્તમ તાપમાન ૪૩.૪ ડિ.સે. રહ્યુ હતુ. સુરેન્દ્રનગર અને ડીસાની લગોલગ જ પાટનગર પહોંચી ગયુ હતુ. હરીયાળી હોવા છતાં મહત્તમ તાપમાન અહીં ૪૩.૨ ડિ.સે. પહોચ્યુ હતુ. જે આ સીઝનનુ સૌથી વધુ તાપમાન છે.

આજે સવારથી જ ગમરીએ રૌદ્ર રૂપ ધારણ કરવાનુ શરૂ કરી દીધુ હતુ. ગરમી વધતા જ તેની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી. ઓફિસે જતા કર્મચારીઓ અને શાળાના વિદ્યાર્થીઓ ગરમીથી બચવા માટે રૂમાલ, ટોપી અને દુપટ્ટાનો સહારો લેતા નજરે ચઢ્યા હતા. બપોરે તો એટલી બધી ગરમી અને તડકો અનુભવાતો હતો કે વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. છેક મોડી સાંજ સુધી ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. આકરી ગરમી અને તડકાથી બચવા માટે વસાહતીઓએ જાતભાતના ઉપાયો અજમાવ્યા હતા. એસીનુ કુલીંગ વધારીને સરકારી બાબુએ કચેરીમાં જ બેસી રહ્યા હતા.કુલર અને પંખાની સ્પીડ પણ

● અનુસંધાન પાન-૭ પર

## આરોગ્યતંત્ર એલર્ટ મોડ પર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સહિત રાજ્યભરમાં વ્યાપેલા હીટવેવને પગલે આરોગ્ય તંત્રએ તેના તમામ અધિકારીઓને સતર્ક રહી અને લૂ લાગવાના બનાવમાં સમયસરની સારવાર મળી રહે તે જોવા જણાવ્યુ છે.

રાજ્યના અધિક આરોગ્ય નિયામક ડૉ. પરેશ દવેની સહિથી એક પત્ર લખી અને તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવેલ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં પણ તંત્રના અધિકારીઓએ આ માટે તમામ તબીબી અધિકારીઓને પત્ર લખી ગરમીની પરિસ્થિતિમાં સતર્ક રહેવા જણાવ્યુ છે. ગરમી અને અતિશય ગરમી એ માનવજીવન માટે હાનિકારક હોઈ લૂ લાગવાના કેસમાં સમયસર સારવાર મળી રહે તે માટે જરૂરી તમામ દવાનો જથ્થો રાખવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

## વિજ્ઞાન પ્રવાહમાં ૨૧૬૨ વિદ્યાર્થીઓએ સંસ્કૃત- ગુજરાતી વિષયની પરીક્ષા આપી

ગાંધીનગર તા ૨૭

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા દરમિયાન આજે વિદ્યાર્થીઓએ ગુજરાતી અને સંસ્કૃત વિષય માટે નોંધાયેલા ૨૨૦૬ પૈકી ૨૧૨૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૪૪ ની હાજરી ઘટી હતી. આ ઉપરાંત ૩૮૮૪ વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર વિષયની કસોટી આપી હતી. સામાન્ય પ્રવાહમાં પણ ૩૧૪૨ વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર વિષયની પરીક્ષામાં બેઠા હતા. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આજે પુર્ણ થતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

ધોરણ-૧૦ની બાર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ હાલ વિદ્યાર્થીઓ વેકેશનની મજા માંણી રહયા છે. જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે વિદ્યાર્થીઓએ ગુજરાતી સંસ્કૃત તેમજ કોમ્પ્યુટર વિષયની પરીક્ષા આપી હતી. ગુજરાતી અને સંસ્કૃતની પરીક્ષામાં નોંધાયેલા ૨૨૦૬ પૈકી ૨૧૬૨ વિદ્યાર્થીઓ હાજર રહયા

**કોમ્પ્યુટરમાં ૮૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થતા વિદ્યાર્થીઓમાં હાશકરો**

હતા. જયારે ૪૪ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આ ઉપરાંત કોમ્પ્યુટર વિષયની પરીક્ષામાં નોંધાયેલા ૩૯૭૩ પૈકી ૩૮૮૪ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૮૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહયા હતા. સામાન્ય પ્રવાહમાં પણ ૩૧૪૨ વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર વિષયની પરીક્ષા આપી હતી. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભાષાના પેપર પ્રમાણમાં સરળ નિકળતા વિદ્યાર્થીઓની ખુશી બેવડાઈ હતી. પરીક્ષા પુર્ણ થતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આગામી તા ૩૦ માર્ચના રોજ પુર્ણ થશે. પરીક્ષાની મોસમ પુર્ણતા તરફ હોવાથી આકરી ગરમીના દિવસોમાં વિદ્યાર્થીઓ હવે વેકેશનના મુડમાં છે. ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષા દરમિયાન ગેરરીતીના એકાદ કિસ્સાને બાદ કરતા પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતા શિક્ષણતંત્રએ પણ હાંશકારો અનુભવ્યો છે.

## કોંગ્રેસમાં ગાંધીનગર ઉત્તર માટે ૧૭ અને દક્ષિણ માટે ૧૫ દાવેદારો

ગાંધીનગર, તા. ૨૭

પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠક માટે નિમાયેલા નિરીક્ષકો સામે આજે જિલ્લામાંથી ૬૦ જેટલા ઉમેદવારોએ મોડી સાંજ સુધી રજુઆતો કરી હતી.

જિલ્લાના ત્રણેય કોંગ્રેસના ધારાસભ્યો સામે વિરોધનો સૂર ઉઠવા પામ્યો છે. દહેગામ બેઠક પર તો એક સાથે ૮ ઉમેદવારો રજુઆત કરવા ગયા હતા અને જણાવ્યુ હતુ કે અમારામાંથી કોઈ એકની પસંદગી કરો અમને બધાને માન્ય રહેશે પણ પક્ષ વર્તમાન ધારાસભ્યને રિપીટ કરશે તો પરિણામ મળશે નહિ તે પણ એટલુ જ સ્પષ્ટ છે.

**જિલ્લાની પાંચ બેઠકો માટે ૬૦ દાવેદારોની નિરીક્ષકો સમક્ષ રજૂઆત**

જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠક પર આજે સવારથી જ રજુઆતોનો સિલસિલો પ્રદેશ પંચાયત પરિષદ ખાતે આરંભાયો હતો. જો કે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર આવ્યા ન હતા. તો ગાંધીનગર (ઉ)ની ટિકિટ માંગનાર પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પણ રજૂઆત માટે આવ્યા ન હતા.

ગાંધીનગર (દ)ની બેઠક માટે પણ કાર્યકરોએ સ્થાનિક ઉમેદવારની જ પસંદગી કરવાનો આગ્રહ નિરીક્ષકો સમક્ષ કર્યો હતો. બહારથી ઉમેદવારની પસંદગી કરી અમને માથે નહિ મારવા અપીલ કરી હતી. આ બેઠક પર ગાંધીનર પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, કારોબારીના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોર, સહકારી આગેવાન લાલભાઈ પટેલ સહિત ૧૫ આગેવાનોએ ટિકિટની માંગ કરી છે.

માણસાની બેઠક માટે વર્તમાન ધારાસભ્ય ઉપરાંત પૂર્વ ધારાસભ્યો

● અનુસંધાન પાન-૭ પર

## સિવિલ રેસીડેન્ટ ડોકટરોની હડતાળ અંતે સમેટાઈ

અમદાવાદ, તા.૨૭

શહેરની સિવિલ હોસ્પિટલમાં દર્દીના સ્વજનો દ્વારા દર્દીને સમયસર સારવાર ન આપવામાં આવી હોવાના આક્ષેપ સાથે ટ્રોમા સેન્ટરના તબીબ અને સિકયોરીટી સ્ટાફ સાથે રવિવારના રોજ મારામારી કરવામાં આવ્યા બાદ સુરક્ષાની માગણી સાથે હડતાળ ઉપર ઉતરી ગયેલા હોસ્પિટલના તબીબોની હથિયારધારી પોલીસ મુકવાની માગણી સ્વીકારવામાં આવતા અંતે તબીબો દ્વારા હડતાળ પાછી ખેંચવામાં આવી હતી.

સિવિલના તબીબોના સમર્થનમાં વી.એસ. હોસ્પિટલના તબીબો દ્વારા પણ આજે ઓપીડી બંધ રાખવામાં આવી હતી.

## પાણી ગટર વેરાની ઝુંબેશના અંતે નબળુ ચિત્ર માત્ર ૩૦ ટકા વસુલાત

### અંદાજિત ૨.૫૦ કરોડના બાકી માંગણા સામે માત્ર ૭૨ લાખની વસુલાત

ગાંધીનગર તા ૨૭

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે બાકી માંગણા સામે નબળી કામગીરી થઈ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. વસુલાતના માંગણાની વસુલાત ઝુંબેશના અંતે પણ માત્ર ૩૦ ટકા જ વેરો વસુલાયો હોવાનુ સ્પષ્ટ થયુ છે. જુના અને નવા સેકટરોમાંથી અંદાજિત રૂ ૭૨ લાખ જેટલો જ વેરો વસુલાયો હોવાથી બાકીદારોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે વસુલાત ઝુંબેશના હજુ બે દિવસ બાકી હોવાથી તંત્રના ચોપડે બાકીદારોની યાદી તૈયાર નથી.

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. એડવાન્સ વેરા વસુલાત અન્વયે તંત્ર દ્વારા અગાઉ બીલ વહેંચણી કરવામાં આવી હતી. જયારે ગત તા ૧ માર્ચ થી વેરા વસુલાત ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સેકટરોમાં નાગરિકો સરળતાથી વેરો ભરપાઈ કરી શકે તે માટે નવા અને જુના સેકટરોમાં સ્થાનિક ઈન્કવાયરી કચેરી ખાતે સેન્ટરો પણ કાર્યરત કરવામાં આવ્યા છે. જયારે વસુલાત ઝુંબેશ પુર્ણતાના આરે છે. ત્યારે પાણી ગટર વેરાના બાકી માંગણા સામે માત્ર ૩૦ ટકા જેટલી જ વસુલાત થઈ છે. શહેરના નવા સે-૧ થી ૧૩ માં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે અત્યાર સુધી રૂ ૩૬ લાખનો વેરો વસુલાયો છે. જેમાં ગોકુલપુરા અને ઈન્દ્રોડા ગામનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરના જુના સેકટરો સે-૧૪ થી ૩૦ માં અંદાજિત રૂ ૧.૫૯ કરોડના બાકી માંગણા સામે માત્ર રૂ ૩૫ લાખની વસુલાત કરવામાં આવી છે. શહેરના સેકટરો તેમજ શહેરી વિસ્તારના ગામો સહીત અંદાજિત પાણી ગટર લાઈનના જોડાણ કર્તાઓની સંખ્યા પણ ૨૬ હજારથી વધુ છે. જયારે આ સામે પાણી ગટર વેરાની વસુલાતનો આંકડો પણ સવા બે કરોડ જેટલો છે. પરંતુ દરવર્ષે હાથ ધરાતી વેરા

● અનુસંધાન પાન-૭ પર



લીમડે આવ્યો મ્હોર - આજથી ચૈત્ર મહિનાનો પ્રારંભ થશે... ઉપાસના પર્વનો આરંભ થશે... આપણી પરંપરામાં એમ દર્શાવાયું છે કે, ચૈત્ર મહિનાના પ્રારંભે દસ દિવસ લીમડાના મ્હોરનો રસ પીવામાં આવે તો વર્ષભર તંદુરસ્તી જળવાય.. આ પરંપરા વર્ષોથી આપણી ગ્રામીણ સંસ્કૃતિ સાથે વણાયેલી છે. અને આજે શહેરમાં પણ ઠેર ઠેર લીમડાના મ્હોરનો રસ પ્રાપ્ય બન્યો છે... લીમડો ગુણકારી છે... નેચરોપેથી અને આયુર્વેદિકમાં લીમડાનો મહિમા ખૂબ દર્શાવાયો છે... વાતાવરણની શુદ્ધિ માટે લીમડાની ભૂમિકા આજે પણ અકબંધ છે... અને એ જ રીતે દેહશુદ્ધિ માટે પણ લીમડો ગુણકારી છે... ગાંધીનગરમાં છેલ્લા પાંચ દાયકાથી લીમડાના મ્હોરનો રસ નગરજનો હોંશે હોંશે પીવી છે....

## શહેરમાં ખંડેર ભાસતા ખાલી સરકારી આવાસોનો સર્વે હાથ ધરવા માંગ

### સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક નથી : સર્વે હાથ ધરી મકાનોના રીનોવેશન તેમજ નિકાલ માટે પણ કોઈ આયોજન થતુ નથી

ગાંધીનગર તા ૨૭

શહેરમાં સરકારી આવાસો દિનપ્રતિદિન ખંડેર બનતા જાય છે. સેકટરોમાં સરકારી આવાસોના મજબુતીકરણનુ કામ પણ મંદ પડી ગયુ છે. જયારે ખાલી આવાસોનુ રીનોવેશન હાથ ધરવામાં આવતુ નથી. જયારે બિનઉપયોગી જોખમી મકાનો તોડવાનુ કામ પણ અટકી ગયુ છે. જેના પરિણામે શહેરમાં હાલની સ્થિતિએ રહેણાંક માટેના સરકારી મકાનોની સંખ્યા ઘટી ગઈ છે. બીજીતરફ હાલ બિનઉપયોગી અને ખાલી મકાનો અંગે સર્વે હાથ ધરી તેના નિકાલ માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં વિવિધ સેકટરોમાં જુદી જુદી કેટેગરીના અંદાજિત ૧૩ હજાર જેટલા મકાનો છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ નવા આવાસો બાંધવા માટેનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. સે-૭ અને સે-૩૦ માં સરકારી કર્મચારીઓને આવાસની સુવિધા પુરી પાડવા માટે ટાવર કોલોનીના નિર્માણની કામગીરી ચાલી રહી છે. સરકારી કર્મચારીઓને કોર્પોરેટ લુક ધરાવતા આવાસોની સુવિધા પુરી પાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે નવા મકાનો બાંધવામાં આવી રહયા છે. જયારે આ નવા આવાસોનુ કામ આગામી જુલાઈ મહીના સુધીમાં પુર્ણ થઈ જશે. બીજીતરફ સે-૩૦ માં અન્ય નવા બ્લોક બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે આ વર્ષના બજેટમાં પણ નવા સરકારી આવાસો બાંધવાના કામને મંજુરી આપવામાં આવી છે. જેના અંતે હજુ પણ નવા કોર્પોરિટ આવાસોનુ બાંધકામ હાથ ધરાશે. પરંતુ હાલ શહેરના સેકટરોમાં જુદી જુદી કેટેગરીના મકાનો બિનઉપયોગી હાલતમાં જોવા મળી રહયા છે. શહેરના સરકારી આવાસો દિનપ્રતિદિન ખંડેર બનતા જાય છે. જયારે આ આવાસોના મજબુતીકરણનુ કામ પણ ઠપ્પ થઈ ગયુ છે. સરકારી આવસોના રીનોવેશનની કામગીરી મંદ પડી જતા ખંડરે આવાસો માત્ર દુષણોનો અડ્ડો બની ગયા છે.જયારે રીનોવેશનના અભાવે કર્મચારીઓના રહેણાંક માટે પણ ઉપયોગી બનતા નથી. સે-૮ માં પણ બિનઉપયોગી બ્લોકની સંખ્યા વિશેષ છે.

જયારે સે-૨૮ માં પણ ખાલી મકાનો ખંડેર હાલતમાં ભાસી રહયા છે. ખંડેર અને જોખમી મકાનો તોડવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. શહેરમા ખંડેર ભાસતા ખાલી સરકારી આવાસોનો સર્વે હાથ ધરી મજબુતીકરણ તેમજ આવાસોના નિકાલની કામગીરી તેજ બનાવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN ™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com